

‘ચૂપ રહેવાથી હારી જવાય છે’
એવું માનનારા કદાચ,
સ્વયંથી હારી ગયેલા લોકો છે!
એમને એમની માન્યતામાં વિશ્વાસ નથી!

...ચીસો પાડીને, દલીલો કરીને,
બીજાને દુઃખ પહોંચાડીને
પોતાની વાત મનાવવી પડે,
વારંવાર કહ્યા કરવી પડે,
એનો અર્થ જ એ છે કે...
આપણી વાત મજબૂત નથી!
સાચી વાત ચૂપ રહીને પણ
સાબિત કરી જ શકાય છે.

આપણે જે કરવું છે તે કરતાં અટકતા નથી...
જે ગમે છે તે મેળવી લેવાની
હિંમત તો છે આપણામાં,
પણ, ‘એ વ્યક્તિ કે વ્યવહાર ગમે છે’
એવું જાહેરમાં કહેવાની કે સ્વીકારવાની
હિંમત નથી!





એક જિંદગી, એક જન્મ, એક સંબંધ,
એક અસ્તિત્વ એવું કંઈ નથી.
સમગ્ર વિશ્વ છે, એ જ અસ્તિત્વ છે.
પણ, જો નહીં હોય તો?
બસ! આ જ વિચાર આપણને ડરાવે છે
‘નહીં હોય’ની ચિંતા છોડી દઈએ
તો જે ‘છે’ એને માણતાં શીખી જઈશું.

ધર્માંધતા, ધર્મભીરુતા, ધર્મપ્રેમ,
ધર્મ સહિષ્ણુતા અને ધાર્મિકતા
આવા જુદા શબ્દો આપણી પાસે છે જ.
આ બધા શબ્દોના જુદા અર્થ છે, જુદા સંદર્ભો છે.
આપણી સાથે જોડાયેલી દરેક બાબત
પોતાના જુદા અર્થ અને સંદર્ભ સાથે
આપણને જીવવાની રીત શીખવે છે.
મુખ્ય ધર્મ તો આપણે જે છીએ તે,
'માણસ' હોવાનો ધર્મ છે, માનવધર્મ છે.
તદ્દન નાસ્તિક માણસ પણ પોતાના
'માણસ' હોવાના સત્યને નકારી શકતો નથી.





ચહેરા પર કરચલી પડવા લાગે કે
વાળ થોડા સફેદ થવા લાગે
એનાથી આકાશ તૂટી પડતું નથી...
સાચા અર્થમાં તો અહીંથી જ
એક મૅચ્યોર અને સરસ જીવનની
શરૂઆત થાય છે.
‘સારા દેખાવું’ એટલે યુવાન દેખાવું નહીં.
ચહેરા પર
એક પ્રકારની સંતુષ્ટિ અને શાંતિ હોય તે,
ફરિયાદો વગરનું એક સ્મિત હોય તે,
સારો દેખાવ છે.

જે નથી મળી શક્યું... એ જ અદ્ભુત હશે!
જે નથી ચાખ્યો એ જ સ્વાદ ઉત્તમ હશે!
જે નથી જોઈ, એ દુનિયા બેનમૂન હશે!
જે નથી થયો એ અનુભવ અવર્ણનીય હશે!
એમ માનીને જીવવું એ માણસની ફિતરત છે?
કેટલાક માણસો,
જે નથી મળ્યું એનો અફસોસ
જીવનભર પંપાળે છે.
જે મળ્યું છે એ જોવાનો,
તો એમને સમય જ નથી રહેતો..

